# 4 ગુજરાતનાં શિલ્પ-સ્થાપત્ય

શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ ગુજરાત ઘણું જ સમૃદ્ધ છે. સર સિડની કાલ્વિને શિલ્પની વ્યાખ્યા આપી છે કે, ''શિલ્પ એ ઘાટ આપવાની કલા છે.'' શિલ્પમાં પદાર્થનાં ત્રણ પરિમાણો હોય છે : લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ અથવા જાડાઈ. શિલ્પ મોટે ભાગે માટી, ધાતુ, કાષ્ટ કે પથ્થરમાંથી બનાવવામાં આવતા હોય છે. પરંતુ આજનાં આધુનિક શિલ્પો અલગ-અલગ ધાતુ કે વસ્તુમાંથી બનાવેલાં પણ જોવા મળે છે.

**શિલ્પના બે પ્રકાર છે :**

(1) અંશમૂર્ત શિલ્પ (2) પૂર્ણમૂર્ત શિલ્પ.

**(1) અંશમૂર્ત શિલ્પ (Sculpture in the Relief) :** જે શિલ્પમાં આગળનો ભાગ કંડારીને (કોતરીને) ઉપસાવવામાં આવ્યો હોય અને શિલ્પની પૃષ્ઠભાગની ભૂમિ સપાટ હોય એટલે કે કોઈ પણ એકબાજુથી ઘાટ આપવામાં આવ્યો હોય તેવા શિલ્પને અંશમૂર્ત શિલ્પ કહે છે.

**(2) પૂર્ણમૂર્ત શિલ્પ (Sculpture in Round) :** જે શિલ્પને ચારેબાજુ ફેરવીને જોઈ શકાય તે રીતે કંડારીને ઘાટ આપવામાં આવે તે શિલ્પને પૂર્ણમૂર્ત શિલ્પ કહેવામાં આવે છે. આ શિલ્પમાં લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ (કે જાડાઈ) એ ત્રિપરિમાણ (3ડી) જેવી રજૂઆત હોય છે. જેની પ્રદક્ષિણા કરી શકાય તેવી દેવ-દેવીઓની મૂર્તિઓ અથવા નગરના ચોક કે જાહેર માર્ગ પર મૂકવામાં આવેલી પ્રતિમાઓ આ પ્રકારનાં શિલ્પ કહેવામાં આવે છે.

**રુદ્રમહાલય ( The Rudra Mahalaya)**



પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં આવેલ રુદ્રમહાલય સ્થાપત્યકલાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. સિદ્ધપુર શહેર સરસ્વતી નદીને કાંઠે આવેલું છે. આ રુદ્રમહાલય રાજા મૂળરાજ સોલંકીએ બંધાવ્યો હતો. રાજા સિદ્ધરાજ જયસિંહે પાછળથી તેમાં સમારકામ કરાવ્યું હતું. આજે ખંડેર (ભગ્નાવસ્થા)માં જોવા મળતા શિવમંદિર (રુદ્રમહાલય) જોઈ અસલ રુદ્રમહાલયની કલ્પના કરવી મુશ્કેલ છે. તેના ચાર સ્તંભ તેમજ તેની ઉપરના કલાત્મક કોતરણીકામ ઉપરથી મૂળ મંદિરની ભવ્યતા તથા કલા-સમૃદ્ધિની પ્રતીતિ થાય છે.

પુરાતત્ત્વ ખાતાની માહિતી પ્રમાણે રુદ્રમહાલય બે માળનો હતો અને તેના શિખરની ઊંચાઈ 150 ફૂટની હતી. આ શિવમંદિરના શિખર પર અસંખ્ય સુવર્ણકળશ હતા અને અનેક ધજાઓ ફરકાવી શકાય તેવી વ્યવસ્થા હતી. મનોહર શિલ્પો અને કલાત્મક કોતરણીવાળા રુદ્રમહાલયની આસપાસ દેવકુલિકાઓ હતી. રુદ્રમહાલયના સભામંડપના ઘુમ્મટની કિનારો ઉપર રામાયણ અને મહાભારતના પ્રસંગોનાં સુંદર દૃશ્ય કંડારવામાં આવ્યાં હતાં. આજે જે રુદ્રમહાલય છે એ સમગ્ર રુદ્રમહાલયનો નાનો અંશ છે. રુદ્રમહાલયના ચાર સ્તંભ, ઝરુખા અને પ્રવેશદ્વારના સ્તંભો પર બારીક નકશીકામ જેવી અદ્ભુત કોતરણી તથા માનવોની આકૃતિવાળાં સુંદર શિલ્પો ગુજરાતના સોલંકીયુગની સમૃદ્ધ સ્થાપત્યકલાની ઝાંખી કરાવે છે.

## વડનગરનું કીર્તિતોરણ (The Arch of Glory at Vadnagar)

સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું ભવ્ય કીર્તિતોરણ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં આવેલું છે. આ તોરણ ગુજરાતના બેનમૂન શિલ્પ-સ્થાપત્યની સમૃદ્ધિના પ્રતીક રૂપ ગણાય છે. સોલંકી રાજાઓ પોતાના વિજયની



સ્મૃતિરૂપે આવાં કીર્તિતોરણો બંધાવતાં હતાં. આ પ્રકારનાં તોરણો ગુજરાતમાં જ જોવા મળતાં હોવાથી આ તોરણો ગુજરાતની આગવી ઓળખ કહી શકાય. ગુજરાતમાં કપડવંજ, શામળાજી, મોઢેરા, વાલમ, જૂના ડીસામાં સિદ્ધામ્બિકાનું મંદિર તથા પીલુદ્રામાં પણ આ પ્રકારનાં તોરણો આવેલાં છે.

ગુજરાતમાં આવેલાં કીર્તિતોરણો પૈકી વડનગરનું કીર્તિતોરણ ખૂબ પ્રખ્યાત છે. 40 ફૂટની ઊંચાઈ ધરાવતું આ ભવ્ય કીર્તિતોરણ રેતિયા પથ્થર (સેન્ડ સ્ટોન)નું બનેલું છે, જે શર્મિષ્ઠા તળાવ પાસે આવેલું છે. તોરણ એટલે પથ્થરમાં કંડારેલ (કોતરેલ) કમાનોવાળું મંદિરનું પ્રવેશદ્વાર, પથ્થરના સ્થંભો ઉપર ગોઠવેલા તોરણના પાટડા સાથે બે મનોહર કમાનો નાજુક કોતરકામ અને શિલ્પકામથી સભર છે. બંને સ્થંભો ઉપર સુંદર મનુષ્યાકૃતિઓનાં શિલ્પ અને ફૂલવેલનું ઝીણવટભર્યું કોતરકામ છે. તોરણમાં સર્વત્ર હાથી, ગણપતિ અને દેવ-દેવીઓનાં શિલ્પો જોવા મળે છે. લાકડામાં કોતરકામ કર્યું હોય એવું પથ્થર ઉપરનું નકશીકામ એ ગુજરાતના શિલ્પીઓની એક ઉમદા સિદ્ધિ છે. વડનગરનું કીર્તિતોરણ દુનિયામાં અનેરી ભાત પાડે છે. દેશ-પરદેશના હજારો પ્રવાસી આ તોરણ જોવા આવે છે અને ગુજરાતની કલાવારસાનું પ્રતીક એવા વડનગરના કીર્તિતોરણને બિરદાવે છે.

## અડાલજની વાવ (The Vav (Step-well at Adalaj)



અમદાવાદની ઉત્તરે ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામમાં આ વાવ આવેલી છે. પાંચ માળની આ વાવનું બાંધકામ સોલંકી વંશના રાજાઓના સમયમાં થયેલું છે. સ્થાપત્યની દૃષ્ટિએ પાટણની રાણકી વાવને મળતી આવતી આ વાવ સંવત 1499માં રૂડાબાઈએ પોતાના પતિ વીરસિંહની યાદમાં બંધાવી હતી.

પગથિયાંવાળા કૂવાને વાવ કહેવામાં આવે છે. આ વાવનાં ત્રણ પ્રવેશદ્વારો ઉચ્ચ કોટિનાં શિલ્પકામ અને સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર છે. વાવમાં જેમ-જેમ ઊંડે ઊતરતા જઈએ તેમ-તેમ પગથિયાંની બંને બાજુએ બારીક કોતરણીવાળા આકર્ષક ઝરુખા, દેવ-દેવીઓનાં ગોખલાઓ, માનવ- આકૃતિઓ, ફૂલ-વેલથી અલંકૃત કરેલા થાંભલા (સ્તંભો) તથા તેનું બારીક ઝીણવટભર્યું પથ્થર પરનું કોતરકામ મનોહર અને શ્રેષ્ઠ છે.



ગુજરાતના ભૂતકાળની સમૃદ્ધિનો અણસાર આપતું આ સોલંકી વંશનું સ્થાપત્ય આખા ગુજરાતી સંસ્કૃતિનું પ્રેરણાબળ લાગે છે. ગુજરાતની સંસ્કૃતિ એ સમયે કઈ ઊંચાઈ પર હશે તેનું પ્રતિબિંબ આ સોલંકી વંશના સ્થાપત્યમાં જોવા મળે છે. આ વાવનું સ્થાપત્ય દુનિયામાં આટલા વિકસિત રૂપમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે.

## કાંકરિયું તળાવ (Kankariya lake)

અમદાવાદમાં આવેલું કાંકરિયું તળાવ બંધાયું ત્યારથી આજ સુધી શહેરનું આકર્ષણનું કેન્દ્ર છે. આ તળાવ ગુજરાતના સુલતાન કુત્બુદ્દીને ઈ.સ. 1451માં બંધાવ્યું હતું.



આ તળાવ બંધાયું એ સમયમાં ગુજરાતમાં તળાવો બાંધવાની કળા પૂર્ણતાએ પહોંચી હતી. તળાવની રચના રમણીય છે, તેમાં કલાત્મક બાંધેલાં પગથિયાં, છત્રીઓ, બેઠકો અને વચ્ચે બગીચાવાળા સુંદર તળાવની ગણના ભારતનાં મોટાં નગર-તળાવોમાં થાય છે તેનું મૂળ નામ **હોઝ-એ-કુતુબ** હતું. પણ આજે તેને કાંકરિયા તળાવ તરીકે ઓળખવામાં આવે છે.


આ તળાવની રચના પાટણના સહસ્રલિંગ તળાવને મળતી આવે છે. તળાવના ખોદકામ સમયે કાંકરા જેવા પથ્થરો મળી આવેલા, તેથી તેનું નામ કાંકરિયા તળાવ પડ્યું. 76 એકરના વિસ્તારને આવરી લેતો આ તળાવનો ઘેરાવો લગભગ બે કિલોમીટરનો છે. તળાવનો વ્યાસ લગભગ 650 મીટર જેટલો છે. 190 ફૂટ લાંબા એકસરખા 34 બાજુઓના બહુકોણવાળા આ તળાવની ચારેબાજુએ ઊતરવા માટે બાંધેલાં પગથિયાં છે. તળાવમાં ખારી નદીના કાંસમાંથી પાણી લાવવા અને ખાલી કરવા માટે જૂની ઢબના ગરનાળા અને ગળણી છે. માત્ર પાણીની અવરજવર માટેના ઉપયોગમાં આવતાં આ ગરનાળાં અને ગળણી સુંદર કોતરણીવાળી છે. આ તળાવ પંચ શતાબ્દી નિમિત્તે તે વખતના અમદાવાદના મેયરશ્રી ચીનુભાઈ શેઠના ઉત્સાહ અને પ્રયત્નોથી પુનઃજીવન પામ્યું.



વિશાળ તળાવ કે સરોવર વચ્ચે કરવામાં આવતા બેટને **બક સ્થળ** કહેવામાં આવે છે. આ બક સ્થળ તે **બાગે નગીના** અથવા આજની **નગીના વાડી** તરીકે ઓળખવામાં આવે છે. નગીના વાડીમાં બગીચો અને મહેલ છે. તેમાં જવા માટે પુલ બાંધેલો છે. કાંકરિયાની ચારેબાજુ ચાલવા માટે ફરસબંધીવાળો રસ્તો છે. તળાવની આસપાસ બાળવાટિકા, પ્રાણીસંગ્રહાલય, માછલીઘર અને તળાવમાં નૌકાવિહારની વ્યવસ્થા થઈ છે પરિણામે આજે કાંકરિયા તળાવ સહેલાણીઓનાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

## સીદી સૈયદની જાળી

અમદાવાદની મસ્જિદોમાં કલાત્મક જાળીઓ મુસ્લિમ સ્થાપત્યની એક વિશિષ્ટ સિદ્ધિ છે. અમદાવાદમાં લાલદરવાજા વિસ્તારમાં આવેલી સીદી સૈયદની મસ્જિદ તેની દીવાલમાં આવેલી અત્યંત મનોહર કોતરણીવાળી બે પથ્થરની જાળીઓને લીધે જગતભરમાં ખ્યાતિ પામેલી છે. અમદાવાદ વસાવનાર સુલતાન અહમદશાહના ગુલામ સીદી સૈયદે આ મસ્જિદ ઈ.સ. 1572માં બંધાવી હતી. 11 ફૂટ પહોળી અને 7 ફૂટ ઊંચી, જાડા સળંગ પથ્થરમાં આરપાર કોતરીને બનાવેલી આ જાળીઓનો આકાર લગભગ અર્ધગોળાકાર જેવો છે. આ જાળીઓની અદ્‌ભુત કારીગરી કોઈ પણ જોનારને આશ્ચર્યથી મુગ્ધ કરે તેવી છે. જાળીમાં વૃક્ષ-વેલની અલંકૃત ભાત સાહજિક લય-વિલય સાથે વહેતી હોય એવી આલેખાઈ છે. આવા જાડા પથ્થરમાં વેલબુટ્ટાનું કોતરકામ જાણે મીણમાં કર્યું હોય એવી મુલાયમતા ધારણ કરે છે. આવી નાજુક અને મનોહર કોતરણીવાળી આ જાળીઓ કલાની



દૃષ્ટિએ દુનિયાભરમાં બેનમૂન છે. કહેવાય છે કે આ મસ્જિદમાં ત્રણ જાળીઓ હતી, જેમાંથી એક જાળી લૉર્ડ કર્ઝને ઇંગ્લૅન્ડ લઈ જવા માટે કઢાવી હતી, પરંતુ મુંબઈ પહોંચતા જ તે ભાંગી ગઈ હતી. આ જાળીઓની લાકડાંની અને ચાંદીની પ્રતિકૃતિઓ બનાવીને દેશ-પરદેશમાં મોકલવામાં આવે છે. વિદેશથી પધારેલા મહાનુભાવોને આ જાળીની પ્રતિકૃતિ યાદગીરી અને માન

સન્માન રૂપે ભેટ તરીકે આપવામાં આવે છે. જડ પથ્થરને પણ સજીવ બનાવી દેતી માનવે સર્જેલી પથ્થરની કારીગરી જાણે કુદરતે જ રચના કરી હોય તેવું શ્રેષ્ઠ સ્થાપત્ય અહીં જોવા મળે છે.



### ઝૂલતા મિનારા (Shaking Minarettes)

ઝૂલતા મિનારા મુસ્લિમ સ્થાપત્યકલાની એક વિશિષ્ટ સિદ્ધિ છે. અમદાવાદની બે મસ્જિદોમાં આવેલા બે મિનારા પૈકી એકને હલાવતાં સામેનો બીજો મિનારો પણ હલે છે જેથી ઝૂલતા મિનારા તરીકે ઓળખવામાં આવે છે.

આ મિનારા અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલી બીબીજીની મસ્જિદ અને સારંગપુરમાં રેલવે-સ્ટેશન પાસે આવેલી સીદીબશીરની મસ્જિદમાં ઝૂલતા મિનારા આવેલા છે. સીદીબશીરની મસ્જિદના બે મિનારા અહેમદશાહના સમયમાં બન્યા હતા. આ બંને મસ્જિદોમાં આવેલા બે મિનારાઓ પૈકી એક મિનારાને હલાવવાથી બીજો મિનારો પણ હલે છે. મિનારા જેવું પથ્થરનું સ્થાપત્ય આ રીતે હલી શકે એ ઘટના જોનારને માટે આશ્ચર્યકારક અને રહસ્યમય લાગે છે. મિનારાની અંદર ચક્રાકાર પગથિયાંઓ આવેલાં છે. પગથિયાં ચઢીને ઉપર જવાય છે. મિનારાના દરેક માળ પર સુંદર કલાત્મક કોતરણીવાળા ઝરુખા છે. આ ઝરુખા નીચે ટોડલામાં સુંદર બારીક કોતરકામ જોવા મળે છે.

મિનારાઓનો ઉપયોગ બાંગ પોકારવામાં થતો હશે. આજના વિજ્ઞાનયુગમાં પણ આ મિનારાઓ શી રીતે ઝૂલે છે તે હજી સુધી શોધી શકાયું નથી. રહસ્યમય સ્થાપત્યકલાના નમૂના રૂપ ઝૂલતા મિનારા એ મુસ્લિમ સ્થાપત્યકલાની આગવી સિદ્ધિ છે.

## સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) જે શિલ્પને ચારેબાજુથી કંડારીને ઘાટ આપવામાં આવ્યો હોય તેને કેવું શિલ્પ કહેવાય છે ?

(A) અંશ મૂર્ત (B) પૂર્ણ મૂર્ત (C) આકાર (D) સ્થાપત્ય

(2) કીર્તિતોરણ ક્યાં આવેલું છે ?

(A) મોઢેરા (B) સિદ્ધપુર (C) વડનગર (D) અમદાવાદ

(3) વિશાળ તળાવ કે સરોવર વચ્ચે કરવામાં આવતા બેટને શું કહે છે ?

(A) બક સ્થળ (B) ટાપુ (C) દ્વિપ (D) મુખત્રિકોણ

(4) સીદી સૈયદની જાળી કોણે બંધાવી હતી ?

(A) સીદી સૈયદ (B) અહમદશાહ (C) કુત્બુદ્દીન (D) મહંમદ બેગડા

(5) કયા સ્થાપત્યમાં અસંખ્ય સુવર્ણ કળશો હતા ?

(A) કાંકરિયા તળાવ (B) અડાલજની વાવ (C) કીર્તિતોરણ (D) રુદ્રમહાલય

(6) કયા સ્થાપત્યમાં આવેલા બે મિનારા પૈકી એકને હલાવતા સામે બીજો મિનારો પણ હલે છે ?

(A) સીદી સૈયદની મસ્જિદ (B) ઝૂલતા મિનારા

(C) કીર્તિતોરણ (D) રુદ્રમહાલય

(7) અડાલજની વાવનું બાંધકામ કયા રાજાઓના સમયમાં થયેલું છે ?

(A) મોગલવંશ (B) કુશાણવંશ (C) સોલંકીવંશ (D) પરમારવંશ

